Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

102

# પ્રાથમિક શાળાના શિક્ષકોના કાર્યમૂલ્યનો અભ્યાસ

**દર્શિની આર. ભોજાણી**

એમ.એ., એમ.એડ્.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના કાર્યમૂલ્યો જાણવા કાર્યમૂલ્ય સંશોધનિકા અને કાર્યમૂલ્ય માપદંડની રચના કરવામાં આવી હતી. પ્રાથમિક શાળા (પુરૂષ અને સ્ત્રી) શિક્ષકોની કાર્ય-મૂલ્ય પર અસર તપાસવામાં આવી હતી. કાર્યમૂલ્યોમાં ૧૩ કાર્યમૂલ્યોની પસંદગી કરવામાં આવી હતી. નમૂનામાં ૩૩૦ પુરૂષો અને ૩૭૦ સ્ત્રી શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવમાં આવ્યું હતું જે ૦.૦૧ અને ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું. પ્રાપ્ત તારણો આ પ્રમાણે હતા : (૧) પ્રાથમિક શાળાના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોની કાર્યમલ્યોની પસંદગીમાં સ્ત્રી શિક્ષકો પુરૂષ શિક્ષકો કરતા સામાજિક, ફરજ, આકર્ષક લાભ, બોજા વગરનું કાર્ય અને રાષ્ટ્રસેવા કાર્યમૂલ્યને વધારે પસંદ કરતા હતા. (૨) પ્રાથમિક શાળાના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોની કાર્યમૂલ્યોની પસંદગીમાં પુરૂષ શિક્ષક –સ્ત્રી શિક્ષકો કરતા જૂથચર્ચા કાર્યમૂલ્યને વધારે પસંદ કરતા હતા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## ૧.૦ પ્રાસ્તાવિક

વૈયક્તિક ભિન્નતાના સિદ્ધાંત અનુસાર વ્યક્તિ અન્ય વ્યક્તિથી ભિન્ન છે. વ્યક્તિ પોતે જે કાર્ય કરે છે તે શા માટે કરે છે, તેમાં મૂલ્યવાન શું છે અને આ કાર્ય દ્વારા તે શું મેળવે છે તે અંગે જો મત મેળવવામાં આવે તો પ્રત્યેક વ્યક્તિ પોતાના શિક્ષણ, વ્યવસાય, સામાજિક સ્તર અને વ્યક્તિગત ભિન્નતાના કારણે અલગ-અલગ મત દર્શાવે છે. વ્યક્તિના કાર્યમૂલ્ય કાર્યથી તેને મળતો સંતોષ એટલે કાર્યમૂલ્ય.

કાર્યમૂલ્ય એટલે વ્યક્તિને તેના કાર્ય કે વ્યવસાયમાંથી મળતો આર્થિક તેમજ માનસિક સંતોષ. સુપર ડી. ઈ. (૧૯૭૦)ના મત મુજબ "કાર્યમૂલ્ય એટલે એવા મૂલ્યો કે જે કાર્યની અંદર અને એટલા જ પ્રમાણમાં કાર્યની બહાર રહેલા છે, વ્યક્તિ કાર્યમાં જે સંતોષ શોધે છે અને કાર્યોનું વળતર મેળવે છે એ વળતર જ સંતોષ છે."

મૂલ્યો અનેક પ્રકારના છે જેમાં કાર્યમૂલ્યનું સ્થાન ખૂબજ અગત્યનું છે. વ્યક્તિ જે પ્રકારના કાર્યમાં રસ હોય તે જ પ્રકારનો વ્યવસાય કરવાનું ગમે છે. આજના યુવાનોને કાર્યમૂલ્યોની પરિચય હોવો જોઈએ. કાર્યમૂલ્યના કેટલાક પ્રકારો દર્શાવ્યા છે. જેવા કે, સર્જનાત્મકતા, પરોપકારવૃતિ, નિરીક્ષણ, સાંદર્ય અને કલામાં સુરૂચિ, બૌદ્ધિક પ્રેરણા, સંચાલન વગેરે વ્યક્તિની કાર્યમૂલ્ય વિશેની સમજ શિક્ષણને કારણે જ હોય છે અને વ્યવસાયને અનુરૂપ હોય છે. પ્રાથમિક શાળાના શિક્ષકોની કાર્યમૂલ્ય પસંદગી અને તેના પર અસર કરતા પરિબળો જાણવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

### ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

1 પ્રાથમિક શાળાના શિક્ષકોના કાર્યમૂલ્યોની તરેહ જાણવા માટે કાર્યમૂલ્ય શોધનિકાની રચના કરવી.

2 પ્રાથમિક શાળાના પુરૂષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના કાર્યમૂલ્યની તરેહ જાણવી.

### ૩.૦ શૂન્ય ઉત્કલ્પનાઓ

નીચે પ્રમાણેની શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી અને ચકાસવામાં આવી હતી.

1. પ્રાથમિક શાળાના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોના કાર્યમૂલ્ય સંશોધનિકાના કાર્યમૂલ્ય પરત્વેના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

### ૪.૦ અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ચલોને આવરવામાં આવ્યા હતા.

— **સ્વતંત્ર ચલ.** પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીતે જાતીયતા હતી જેની બે કક્ષાઓ (૧) પુરૂષ અને (૨) સ્ત્રી હતા.

— **પરતંત્ર ચલ.** પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે કાર્યમૂલ્ય પરી શી અસર કરે છે તે તપાસવાનું હતું માટે પરતંત્ર ચલ તરીકે કાર્યમૂલ્ય હતું.

## ૫.૦ વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વ તરીકે પ્રયોજકે રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોને પસંદ કર્યા હતા. જેમાં નમૂના તરીકે ૩૩૦ પુરૂષ શિક્ષકો અને ૩૭૦ સ્ત્રી શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

## ૬.૦ ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ કાર્યમૂલ્ય અંગે માહિતી મેળવવાની હતી. આ અભ્યાસમાં માહિતીની પ્રાપ્તિ માટે બે ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપકરણો આ મુજબ હતા.

1. પ્રાથમિક શાળાના શિક્ષકો માટેની કાર્યમૂલ્ય સંશોધનિકા
2. મૂલ્ય પસંદગી માપદંડ

પ્રાથમિક શાળાના શિક્ષકો પાસેથી કાર્યમૂલ્યો વિશેના તેમના અભિપ્રાય મેળવ્યા હતા. શિક્ષકોની વ્યક્તિગત મુલાકાતને બદલે શાળા સંકુલમાં કાર્યમૂલ્ય : સ્વરૂપ, અર્થ, સંશોધન વિષય પર પ્રાથમિક શિક્ષકોના સમૂહ માટે વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું અને વ્યાખ્યાનના અંતે અભિપ્રાયદર્શક લેખનકાર્ય કરાવ્યું હતું.

શિક્ષકોના નિબંધ પરથી કાર્યમૂલ્યોની તારવણી સંશોધકે નિબંધના વાચન પરથી વિધાનોનું એકત્રીકરણ કર્યું હતું.

## ૭.૦ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોની કાર્યમૂલ્યની પસંદગીમાં ભિન્નતા સારણી-૧માં રજૂ કરેલ છે.

**સારણી-૧**

**પુરૂષ અને સ્ત્રી શિક્ષકોની કાર્યમૂલ્યની પસંદગીની ભિન્નતા**

| ક્રમ | કાર્યમૂલ્યો | સંખ્યા | જાતીયતા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–મૂલ્ય |
|---|---|---|---|---|---|---|
| ૧ | નિજાનંદ | ૩૩૦ | પુરૂષ | ૮.૯૨ | ૦.૮૦ | ૦.૮૭ |
| | | ૩૭૦ | સ્ત્રી | ૮.૮૭ | ૦.૭૫ | |
| ૨ | સાનુકૂળ સમય | ૩૩૦ | પુરૂષ | ૧૧.૬૭ | ૦.૬૭ | ૦.૩૧ |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૧.૬૫ | ૦.૮૯ | |
| ૩ | સંસ્કાર સિંચન | ૩૩૦ | પુરૂષ | ૧૧.૮૧ | ૦.૭૬ | ૦.૫૩ |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૧.૭૭ | ૦.૮૯ | |
| ૪ | જ્ઞાન પ્રાપ્તિ | ૩૩૦ | પુરૂષ | ૧૧.૮૨ | ૦.૫૬ | ૧.૫૬ |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૧.૭૫ | ૦.૫૮ | |
| ૫ | સામાજિક ફરજ | ૩૩૦ | પુરૂષ | ૧૧.૭૫ | ૦.૬૪ | ૨.૫૬* |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૧.૮૮ | ૦.૭૬ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | આકર્ષક લાભ | ૩૩૦ | પુરૂષ | ૧૪.૮૩ | ૦.૫૭ | ૨.૮૭** |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૪.૯૪ | ૦.૩૨ | |
| ૭ | સલામતી | ૩૩૦ | પુરૂષ | ૧૪.૯૪ | ૦.૬૨ | ૦.૯૬ |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૪.૭૮ | ૦.૬૯ | |
| ૮ | બોજ વગરનું કાર્ય | ૩૩૦ | પુરૂષ | ૬.૮૩ | ૧.૯૧ | ૬૬.૫૫** |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૪.૩૩ | ૭.૧૮ | |
| ૯ | રાષ્ટ્રસેવા | ૩૩૦ | પુરૂષ | ૧૪.૬૫ | ૦.૮૯ | ૨.૧૦* |
| | | ૩૭૦ | સ્ત્રી | ૧૪.૭૮ | ૦.૭૨ | |
| ૧૦ | સર્જનાત્મકતા | ૩૩૦ | પુરૂષ | ૮.૭૮ | ૦.૪૮ | ૦.૫૫ |
| | | ૩૭૦ | સ્ત્રી | ૮.૭૬ | ૦.૪૫ | |
| ૧૧ | પડકારરૂપ | ૩૩૦ | પુરૂષ | ૮.૭૮ | ૦.૪૮ | ૧.૮૭ |
| | | ૩૭૦ | સ્ત્રી | ૮.૮૪ | ૦.૪૩ | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

** ૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૧માં દર્શાવ્યા મુજબ તેર કાર્યમૂલ્યો માટેના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોના સરાસરી પ્રાપ્તાંકો પૈકી પાંચ કાર્યમૂલ્યો માટેના સરાસરી પ્રાપ્તાંકો સાર્થક તફાવત વ્યક્ત કરતા હતા જ્યારે આઠ કાર્યમૂલ્યો પરના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત ન હતો.

સારણીમાં દર્શાવ્યા મુજબ નિજાનંદ, સાનુકૂળ સમય, સંસ્કાર સિંચન, જ્ઞાન પ્રાપ્તિ, સલામતી, સર્જનાતમકતા, પડકારરૂપ કાર્ય, લાગણીશીલતા જેવા કાર્યમૂલ્યો માટેના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત ન હતો.

સારણીમાં દર્શાવ્યા મુજબ સામાજિક ફરજ, આકર્ષક કાર્યમૂલ્ય, બોજ વગરનું કાર્ય, રાષ્ટ્રસેવા, જૂથ કાર્ય જેવા કાર્યમૂલ્યો માટેના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત વ્યક્ત થતો હતો.

## ૮.૦ તારણો

પ્રાથમિક શાળાના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોની કાર્યમૂલ્યોની પસંદગીમાં સ્ત્રી શિક્ષકો પુરૂષ શિક્ષકો કરતા સામાજિક ફરજ, આકર્ષક લાભ, બોજા વગરનું કાર્ય અને રાષ્ટ્રસેવા કાર્યમૂલ્યને વધારે પસંદ કરતા હતા.

પ્રાથમિક શાળાના પુરૂષ અને સ્ત્રી શિક્ષકોની કાર્યમૂલ્યોની પસંદગીમાં પુરૂષ શિક્ષકો સ્ત્રી શિક્ષકો કરતા જૂથ ચર્ચા કાર્ય-મૂલ્યને વધારે પસંદ કરતા હતા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંદર્ભસૂચિ**

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૮૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ: શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૮૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ : નિજિજન સાયક્રો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કુ. ગો. (૧૯૯૨). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ** (૫ મી આવૃત્તિ).

અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

દોંગા, એન. એસ. (૨૦૧૨). **અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી**, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,

ભટ્ટી, ઝેડ. ડી. (૨૦૦૯). **પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યમૂલ્યોનો અભ્યાસ,** અપ્રકાશિત મહાશોધ નિંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ,